સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

થાવ શહીદ અમે તમારું સ્મારક કરી દેસું!
પણ 'રોટી' માગશો તો બરતરફ કરી દેસું!
હરફ પણ બોલશો નહીં અમારા જુલ્મો સામે -
શિસ્ત બહાને છૂંદી જીવન નરક કરી દેસું!
(સૈનિક પર જુલ્મ?!)

હાઈકુ

નૂતન શસ્ત્રો
સેનાએ નાખ્યાં હેઠાં -
ખંખેર્યા હાથ!!
(પથ્થરબાજી સામે -)

શોષણખોરી,
પોલીસ - સૈનિકોની -
તંત્ર-ઇતેડું...
(લોહી ચૂસનારું)

ચિંતન

દેખહું લોગા હરિકિ સગાઈ, માય ઘરૈ પૂત સંગ જાઈ ।
સાસુ નણંદ મિલિ અદલ ચલાઈ, મા દરિયા ગ્રિહ બૈઠી જાઈ ॥

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજકગ્રંથમાંથી લેવાયલ છે.

હે લોકો! હરિની સગાઈ તો જુઓ કેવી અદ્‌ભૂત આશ્ચર્યજનક છે. ભક્તોનાં સરળ પાપ-દુઃખ થતા અજ્ઞાનનું હરણ કરનાર પરમાત્મા હરિને પણ ચરાચર જગતની જનની માયા ધારણ કરે છે. નિરુપાધિ હરિ પર મમોપાધિક બની ને સોપાધિક બની જાય છે. ત્યારે માયાથી ધૂર્ત થવાથી પુત્ર કહેવા અને માયાની પુત્રી બુદ્ધિની સાથે જાય છે.

બુદ્ધિને સાથે માની અને નણંદીને અવિદ્યા સાથે બંને મળીને મદારી મનને ઘેર જઈ બેઠી છે. મદારી જે રીતે વાનર ને નચાવે છે તે રીતે મન પણ જીવને નચાવે છે.

માયા ભલભલા ઋષિમુનિઓને પણ છોડતી નથી જ્ઞાની હોય કે ત્યાગી સતત જાગૃત રહેવું પડે.

સુવિચાર

- શ્રવણ, સ્મરણ અને આચરણ - ત્રણ આવે તો સંસારનું રણ જીતી જવાય - **માનસસૂત્ર**
- માનવીના જીવન મૂલ્યો એના ઓશિકાં નીચે જ પડ્યા છે, જેને મેળવવા માટે ઓરડા જીવી આખી દુનિયામાં ફાંફા મારે છે, પરંતુ ખુદના તકિયા નીચે તપાસ કરતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વ્યક્તિ ક્યારેય કોઈનો દ્વેષ ન કરે, કોઈ પાસે કંઈ આકાંક્ષા ન રાખે તે નિત્ય સંન્યાસી છે - **મોરારિ બાપુ**
- ખ્વાહિશોં કી ચાદર તો કબ કી તારતાર હો ચૂકી,
  દેખતે હૈં વક્ત કી રફુગીરી કયા કલામ કરતી હૈ - **ચિત્રલેખા**
- સંસારમાં કદમ મેળવીને ચાલવું, સ્વર મેળવીને ગાવું, મન મેળવી ને વિચારવું - **જીવનસૂત્ર**
- વિવેકની સિમેન્ટની સાથે ભાવનું જળ જીવનને મજબૂતી પ્રદાન કરે છે - **ડો. જગદીશ ત્રિવેદી**
- આજનું ઔષધ - રાઈનો ભૂકો કરી નવશેકા પાણી સાથે એક ટી સ્પૂન લેવાથી પેટની ચૂંક અને અજીર્ણ મટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સિયારામ મય સબ જગ જાની કરઉં પ્રમાણ - પશુ-પંખી સર્વ આત્માઓ - જીવનમાં ઈશ્વરનાં દર્શન કરવા એ ઉચ્ચકોટિની ભક્તિ છે.

સ્વામી ચિદાનંદજીનો ૬૦મો જન્મદિવસ શિવાનંદ આશ્રમમાં ૨૪મી સપ્ટેમ્બર ૧૯૭૫ના રોજ ઉજવવામાં આવેલ સ્વામી ધ્યાનમાં બેઠા હતા. તેઓ જયારે પ્રગાઢ ધ્યાન કરતાં તો આજુબાજુના શોરબકોરથી પણ અજાણ રહેતા.

એક સેવક સ્વામીની ઝૂંપડીમાં ધીરેથી ગયો જોયું તો ધ્યાનમાં બેઠેલા સ્વામીના ખભે એક વીંછી બેઠેલો. પેલા સેવકને ચિંતા થઈ એટલે ચિપિયો લાવ્યો અને સ્વામીને ધીરેથી ધ્યાનમાંથી ખલેલ કરી ઈશારો કરી ખભે બેઠેલો વીંછી બતાવ્યો. ત્યારે સ્વામીએ કહ્યું, અરે આપલોગ ઈતના શોર કયું મચા રહે હૈ, આજ હમારા જન્મદીન હૈ ઔર યહ બિચ્છુ તો શિવજી કા પ્રતિનિધિ હૈ જો હમે બધાઈ દેને આયા હૈ... 'પછી ધીમે રહી તેમણે વિંછીને સૂકા પાન પર લઈ જંગલમાં છોડી મૂક્યો. વીંછી જયારે જવા લાગ્યો ત્યારે સ્વામીએ ઘૂંટણે પડીને પ્રણામ કર્યા અને તેના આગમન અને આશીર્વાદ માટે આભાર માન્યો.'

નકસલ સમસ્યા સામે કઠોર કાર્યવાહી અનિવાર્ય

તંત્રીસ્થાનેથી...

છત્તીસગઢના સુકમા પંથકમાં અંતરિયાળ વિસ્તાર સુધી રોડ બનાવવાની કામગીરી ત્યાંના નકલસી આતંકવાદીઓ હરહંમેશા અટકાવતા રહ્યા છે. સરકારે એ કામગીરી પાર પાડવા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)નું સંરક્ષણ ઉપલબ્ધ કરાવ્યું તેની સામે નકસલીઓએ ઘાત લગાવી હુમલો કર્યો અને સંખ્યાબંધ જવાનો શહીદ થઈ ગયા. નકસલીઓના ગઢમાં કાર્યરત અર્ધલશ્કરી દળના જવાનો સામે આ પ્રકારની વિઘાતક પ્રતિક્રિયાનો સરકારને આગોતરો અણસાર સુદ્ધાં ન આવે તે કેવી વિડંબના છે! એક તરફ આપણા નેતાઓના રક્ષણ માટે જળ, સ્થળ અને આકાશ સુધીની જાસૂસી ગોઠવાતી રહે છે; હજારોની સંખ્યામાં સૈનિકો અને પોલીસ દળો ખડકાતાં રહે છે. બીજી તરફ એ જ સુરક્ષાકર્મીઓને એમના કિસ્મત પર છોડી દેખાય છે. આવો બનાવ પહેલી જ વાર બન્યો હોય તો સમજી શકાય. આવા બનાવો સતત રિપીટ થતા રહ્યા છે. સેંકડો જવાનો શહીદ થઈ ચૂક્યા છે બલકે એ માર્ગ પરથી પસાર થતા આખેઆખા રાજકીય પાર્ટીના કાફલાનો સફાયો કરી દઈ નકસલીઓએ એમની ક્રૂર વિધ્વંસક તાકાતનો પરચો આપી દીધેલો છે. મધ્યપ્રદેશના માજી મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિદ્યાચરણ શુક્લ સહિત છત્તીસગઢની આખેઆખી કોંગ્રેસી ટીમનો ખાત્મો થયા પછી પણ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર આ મુદ્દે રેઢિયાળ વર્તણૂક દાખવતી હોય તો એ ખૂબ જ કમનસીબ બાબત ગણાતી જોઈએ. નકસલ સમસ્યાનો કાયમી ઉકેલ આણવાનો નક્કર માસ્ટર પ્લાન બનાવવામાં એક ક્ષણનો પણ વિલંબ ન કરવો જોઈએ. કેટલાંક રાજકીય સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાનો નકસલ સમસ્યાના કાયમી હલ માટે લાંબા ગાળાના માનવતાવાદી કાર્યક્રમોની તરફેણ કરતાં રહ્યાં છે, પરંતુ એમના એ શુભ ઈરાદાનો કોઈ સાનુકૂળ પ્રતિસાદ આજ દિન સુધી સાંપડ્યો નથી. સરહદ પરના આતંકવાદ અને કાશ્મીરી યુવાનોના આક્રોશને નાથવા કરતાં પણ આ નકસલ સમસ્યાને નાથવાનું કામ વધારે અઘરું છે. કારણ કે નકસલી હુમલાખોરોને આખેઆખા પંથકનો સહયોગ સાંપડતો રહે છે. બનવાજોગ કે નકસલીઓના પ્રભાવક્ષેત્રની જનતા એમનાથી ડરી જઈ એમને સમર્થન આપતી હોય. પરંતુ એવી વિષય પરિસ્થિતિમાં રાજય અને કેંદ્રે સંયુક્ત પ્રતિકાર કરવાનું નક્કર આયોજન કરી વહેલી તકે આ સમસ્યાનો ધરમૂળથી ઉકેલ આણવો જરૂરી છે. ક્યારેક ચંબલના ડાકુઓને જયપ્રકાશ નારાયણ જેવા સંત કોટિના નેતાઓ શસ્ત્રો હેઠાં મૂકવા સહમત કર્યા હતા. આજે દીવો લઈને શોધવા નીકળીએ તો પણ એ કક્ષાની કોઈ પ્રતિભા જડે એમ નથી. સાધુ સંતો અને રાજકારણીઓ પરથી પ્રજાને વિશ્વાસ ઊઠી ગયો છે. એથી એ બચે છે તે છે લશ્કરી કાર્યવાહી. જો લશ્કર સળગતા કાશ્મીરને નિયંત્રણમાં રાખી શકતું હોય અને સરહદ પારના આતંકવાદ સામે સફળતાપૂર્વક ઝીંક ઝીલી શકતું હોય તો આ ગેરીલા પદ્ધતિથી લડતા મુઠ્ઠીભર નકસલીઓને ઝબ્બે કરવાનું એના માટે અઘરું ન જ ગણાય. પરંતુ મનના રાજકારણ પાછળ ઘેલા લાલચું રાજકારણીઓ આવો કઠોર નિર્ણય કરતાં અચકાતા રહ્યા છે, જેનો ભોગ આપણા નવલોહિયા જવાનો બની રહ્યા છે. શુંવડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના રમણસિંહ જેવા મુખ્યમંત્રીઓ પાસે આવા સંજોગોમાં એટલી રાજકીય ઈચ્છાશક્તિની અપેક્ષા ન રાખી શકાય ?

મારિયાએ ફિલિપની સામે પ્રશ્નાર્થ નજરે જોયું

નવાં કલેવર
નટવર હેડાઉ

શાર્લિન ચર્ચની પ્રેયર પુરી કરી ઘેર પહોંચી કે તેનો બાપ ફિલિપ દારના નશામાં ચકચૂર થઈ માં સાથે ઝગડી રહ્યો હતો.

'મારિયા, તેં કેવો છોકરો પેદા કર્યો છે? છેલ્લા ત્રણ મહિનાથી નોકરી શોધવા સુરત ઘયો છે. કોણ જાણે હજુ સુધી શું કરતો હશે? બે વખત વ્યાજે પૈસા લાવવા પડ્યા છે.'

માં પોતાના જણ્યા બાબતે શું કહી શકે? ઉંમરને હિસાબે તો સમજણ આવી ગઈ હતી. જિંદગી પણ રોજ કેવા નવા નવા રંગો બતાવે છે. ફિલિપ આખી બોટલ પોતાના અંદર ઉદારી ચૂક્યા હતો. હવે જિંદગી બરાબર ચાલી રહી હતી. કુટુંબનું ભરણપોષણ કોઈ સામે હાથ લંબાવ્યા વિના સારી રીતે થતું હતું. તે સમયે ફિલિપ દારૂ ઓછો પીતો હતો. કોણ જાણે આ સુખીસંપન્ન કુટુંબને કોની નજર લાગી ગઈ. ફેકટરી માલિકને કોઈ ગુંડાઓ એ ધમકી આપી મોટી રકમની માંગણી કરી. ફેકટરી માલીકે પોલીસને જાણ કરી. પોલીસનો બંદોબસ્ત થોડા દિવસ ગોઠવાયો. તે દરમિયાન ચૂંટણીઓ આવી. પોલીસ તે કામમાં લાગી ગઈ. એક દિવસ ગુંડાઓ આવી બંદૂકની અણીએ ફેકટરીની તિજોરી લૂંટી પૈસા લઈ ફરાર થઈ ગયા. ફેકટરીને પણ આગ લગાવી દીધી. ફેકટરી માલિક ડરનો માર્યો જીવ બચાવવા કુટુંબ સહિત કોઈ અજ્ઞાત સ્થળે જતો રહ્યો, ફેકટરીમાં કામ કરનારા સેંકડો કામદારોના કુટુંબો બેહાલ અને બેકાર થઈ ગયો. તેમાં ફિલિપ પણ એક હતો. તેની માનસિક સ્થિતિ દિન-પ્રતિદિન ખરાબ થવા લાગી. શું કરવું તે કંઈ સમજાતું ન હતું. તેને આશ્વાસનના એ શબ્દો કહેનારના શબ્દ પણ અર્થહીન થઈ ગયા હતા, તે દારૂની લતે ચડી ગયો.

પરિસ્થિતિની નજાકતનો વિચાર કરી શાર્લિને બાપનો હાથ ઝાલી અટકાવતા કહ્યું.

'પ્લીઝ પપ્પા, સ્ટોપ ઈટ, ઈટ ઈઝ ટૂ મચ.'

'વ્હોટ ટૂ મચ? શું તું કમાઈને લાવવાની છે. હતાશા ભર્યા સ્વરે ગળામાં ડુમો ભરાઈ જવા છતાં તેના બાપુ પૂછ્યું.'

'ઓહ, સ્યોર! યસ પપ્પા.'

હાયર સેકન્ડરી પાસ થઈ ગઈ છું. ભલે મને બારણા ધોરણમાં ભલે ઓછા ટકા આવ્યા હોય પણ અંગ્રેજીનો જમાનો છે. આ દેશમાં અંગ્રેજી નસીબ બદલવા માટે કામ લાગે એમ છે અને મારું અંગ્રેજી સારું છે.

દીકરીની આ વાત સાંભળી બાપનો નથી બિલકુલ ઉતરી ગયો હતો. તેણે ખુબ આશાભરી નજરે દીકરી ને જોઈ.

'પણ તને શહેરમાં મોકલવા માટે માટી પાસે ફૂટી કોડી યે બચી નથી.'

'નો પ્રોબ્લેમ, પપ્પા, આ વીલ મેનેજ માય સેલેફ.'

માં બાપે બંને એ યુવાનીના ઉંબરે ઉભેરી શાર્લિન તરફ વિસ્તાફિત નજરે જોયું. બંનેના ચહેરા પર અનેક પ્રશ્નાર્થો દેખાતા હતા.

'મારો એક દક્ષિણ ગુજરાતનો મિત્ર છે પ્રદીપ પટેલ.'

તે ત્રણેની વચ્ચે જાણે કે કોઈ ભૂકંપનો આંચકો આવી ને જતો રહ્યો.

'પસ પપ્પા, હી ઈઝ સમ એ નાઈસ એન્ડ હેલ્પફૂલ ફેલો. તમે છાપાંઓમાં વાંચો છો એવી નહીં?'

ફિલિમ અને મારીયાને એમ લાગ્યું કે જાણે જિંદગીનું નવું પ્રભાત ઉગી રહ્યું છે. બીજે દિવસે સવારે ઓઢવથી સુરત તરફ જતી બસમાં તેઓ શાર્લિનને બેસાડી આવ્યા.

છ મહિના પછી શાર્લિન જયારે સુરતથી પોતાના ઘરે પાછી ફરી ત્યારે મોંઘા દાટ કપડાં તેણે પહેરેલાં હતા; ઘરમાં સૌ માટે કેટલીયે ચીજો તે લાવી હતી. આ બધું જોઈ તેના મા બાપની આંખો ફાટી ને ફાટી જ રહી ગઈ. માં ને ઘર ખર્ચ ચલાવા દસ હજાર રૂપિયા અને બાપને દારૂ માટે બે હજાર પકડાવી દીધા. માં બાપની પુછવાની કિંમત જ ન થઈ કે સુરતમાં તું શું કરે છે? છોકરો કમાવા ગયો તેણે બાપ પર કરજ ડુબાડી દીધો. છોકરી કહે છે કે મેં જમાના સાથે બાથ ભીડતાં શીખી લીધુ છે. મારિયા એ ફિલિપની સામે પ્રશ્નાર્થ નજરે જોયું. ફિલિપ પોતાની મનપસંદ બ્રાંડમાં ડૂબી ચૂક્યો હતો. હવે તો કોઈ ઝંઝટમાં પડવા માંગતો ન હતો.

પ્રેમની દિવ્ય અનુભૂતિ : પ્રેમ એટલે ઈશ્વરનો પ્રસાદ

ગુલમહોર
દિનેશ દેસાઈ

જાણીતા અંગ્રેજી સાહિત્યકાર જેફ્રી આર્ચરે લખ્યું છે કે "પ્રેમ એટલે ઈશ્વરનો પ્રસાદ. પ્રેમની દિવ્ય અનુભૂતિ ખુદ ઈશ્વરના ચમત્કારથી કંઈ કમ નથી."

પ્રેમ ખરેખર એક દિવ્ય અને ઈશ્વરીય અનુભૂતિ છે. પ્રેમ કોઈ રેડીમેડ ફિલિંગ્સનું નામ નથી. પ્રેમ એ કોઈ બજારમાં વેચાતી કોમોડિટી પણ નથી. અરે, પ્રેમલગ્ન કરનાર વ્યક્તિ-કપલ વચ્ચે પણ પ્રેમ છે કે પહેલા જેવો પ્રેમ વરાળ બનીને ઊડી ગયો છે, તે પણ તપાસવાની જરુર હોય છે.

દરેક યુગલ વચ્ચે, દરેક પતિ-પત્ની વચ્ચે પ્રેમ હોય જ એવું જરુરી

> **સાચો પ્રેમ સોના જેવો હોય, એને તપાસી લેવાની જરુર હોય છે, સોનાને કાટ લાગતો નથી, એમ સાચા પ્રેમને સ્વાર્થ કે ગરજ-મતલબ યા આકર્ષણનો કાટ લાગી શકે નહીં.**

હોતું નથી. તો, વળી દરેક સ્ત્રી અથવા દરેક પુરુષના જીવનમાં પ્રેમનો ઉદભવ થાય એ પણ જરુરી હોતું નથી. એનો અર્થ એ પણ ખરો કે કોઈ પણ પુરુષ કે કોઈ પણ સ્ત્રી મૃત્યુ પામે ત્યાં સુધી, છેવટ સુધી તેને પ્રેમનો અનુભવ યા અનુભૂતિ થઈ પણ હોય અથવા ન પણ થઈ હોય.

પ્રેમ કર્યા વિના આખી જિંદગી પસાર થઈ જાય અને મૃત્યુ આવી જાય એવું પણ બને. જીવનમાં કોઈ પણ વ્યક્તિને એક વાર પ્રેમ મળે એવું પણ નથી. જીવનમાં દરેક વ્યક્તિને પ્રેમ પ્રાપ્ત થાય એ પણ જરુરી નથી. જ્યારે એક વ્યક્તિને પ્રેમનો અહેસાસ થાય ત્યારે તેને જેના માટે પ્રેમનો અહેસાસ છે તે સામી વ્યક્તિને તો એ વાતની ખબર પણ ન હોય એવું પણ બને. આવા એકતરફી પ્રેમને પ્રેમ તો ન જ કહી શકાય, પ્રેમની અધુરપ અથવા અધુરો અથવા પચાસ ટકાનો પ્રેમ કદાય કહી શકાય. પરંતુ એક વ્યક્તિ બીજી વ્યક્તિને નિરંતર અને બિનશરતીય રીતે ચાહે તથા એવી જ રીતે બીજી વ્યક્તિ પણ પ્રથમ વ્યક્તિને એવો જ નિર્વ્યાજ પ્રેમ આપી શકે તેને પૂર્ણ પ્રેમ કહી શકાય. આવો પૂર્ણ પ્રેમ ભાગ્યે જ જોવા મળે.

મોટા ભાગે પ્રેમના નામે ગરજ, મતલબ, સ્વાર્થ અને આકર્ષણ માત્ર જ હોય છે. પછી એ પ્રેમી યુગલ હોય કે પતિ-પત્ની હોય, એમની વચ્ચે પ્રેમના નામે માત્ર ઈચ્છાપૂર્તિ અને સ્વાર્થ જ હોય એવું મોટા ભાગે બનવા જોગ છે. સાચો પ્રેમ સોના જેવો હોય. એને તપાસી લેવાની જરુર હોય છે. સોનાને કાટ લાગતો નથી, એમ સાચા પ્રેમને સ્વાર્થ કે ગરજ-મતલબ યા આકર્ષણનો કાટ લાગી શકે નહીં.

એક સરસ મજાનો કિસ્સો છે. પત્નીએ તેના પતિને પુછ્યું કે "હું મરી જઉં તો તમે શું કરશો? શું તમે બીજાં લગ્ન કરી લેશો?"

પતિએ ખુબ જ પ્રેમપૂર્વક જવાબ આપ્યો કે "ના. કદાપિ નહીં. હું બીજી વાર લગ્ન કરવાનું તો વિચારી જ શકું નહીં. તેં એવું કેમ ધારી લીધું?"

પત્નીએ ફરીથી પુછ્યું કે "શા માટે નહીં? મારા ગયા પછી તમારે કોઈક સારી કંપની તો જોઈશે જ કે જે તમારી સાથે સારી અને ખરાબ પળોમાં તમારો સાથ આપે, તમારી પડખે રહે. પ્લિઝ, તમે મારા ગયા પછી બીજાં લગ્ન કરી જ લેજો."

પતિએ પ્રતિભાવ આપતા કહ્યું કે "ઓહ મારી ડાર્લિંગ, તું કેટલી સારી છે કે મારું કેટલું બધું ધ્યાન રાખે છે. અરે, તારા મૃત્યુ પછી પણ તું મારું શું થશે, એની દરકાર રાખે છે..."

પત્નીએ સ્મિત સાથે પતિને કહ્યું કે "ચાલો, હવે મને એવું વચન આપો કે જો હું મરી જાઉં તો એ પછી તરત તમે બીજાં લગ્ન કરી જ લેશો."

પતિએ આખરે પત્નીની વાત માનવી જ પડી અને વચન આપવું જ પડ્યું કે "સારું સારું... તું આટલો બધો આગ્રહ કરે જ છે તો હું તને વચન આપું છું કે જો તું મારા પહેલાં મૃત્યુ પામીશ તો હું તરત બીજાં લગ્ન કરી લઈશ. ઓ.કે."

હવે પત્નીએ નવો મમરો મૂક્યો અને પુછ્યું કે "શું તમે મારા પછી આપણા નવા બંગલોમાં જ નવી પત્નીને લઈને રહેવા લાગશો ને?"

પતિએ કહ્યું કે "હા, પરંતુ હું એ વાતનું ખાસ ધ્યાન રાખીશ કે નવી પત્ની તારા પોતાના રુમને કદાપિ વાપરે નહીં."

પત્નીએ પુછ્યું કે "શું તમે તેને મારી નવી કારમાં ફરવા પણ લઈ જશો?"

પતિએ જવાબ આપ્યો કે "ના. હું એમ નહીં કરું. હું તારી કારને તારી યાદગીરી તરીકે સાચવીને રાખીશ અને નવી પત્ની માટે નવી કાર ખરીદીશ."

પત્નીએ વળી નવો સવાલ કર્યો કે "શું તમે તેને મારી બધી જ્વેલરી, દર-દાગીના સોંપી દેશો?"

પતિએ કહ્યું કે "ના, હું એવું કઈ રીતે કરી શકું? કારણ કે તારી દરેક જ્વેલરી સાથે તારી યાદો જોડાયેલી છે. મને એમ લાગે છે કે નવી પત્ની કદાચ નવી જ જ્વેલરી માગશે, જે મારે એને અપાવવી પણ પડશે."

પત્નીએ પુછ્યું કે "શું નવી પત્નીને મારાં બધાં જુતાં વાપરવા દેશો?"

પતિએ જણાવ્યું કે "ના, કદાપિ નહીં. કારણ કે તેના પગનું માપ છ નંબરનું છે અને તારા પગનું માપ આઠ નંબરનું છે. આથી તારા કોઈ પણ જુતાં એને પગમાં મોટા પડશે. એટલે કે જુતાં પણ નવાં જ લેવા પડશે."

આ સાંભળીને તો પત્ની સાવ ચૂપ જ થઈ ગઈ. ઘડી બે ઘડી માટે તે ખિન્ન થઈને રહી ગઈ.

તો આ તરફ પતિ પણ બિચારો સાવ અચાનક સ્થિતપ્રજ્ઞ જેવો બની ગયો. તે મનોમન વિચારવા લાગ્યો કે આવેશમાં અને કદાચ ઉત્સાહમાં આવું તે શું બોલી ગયો?

કથાનો અંત એવો છે કે પત્ની વહેલી મરી જવાની ચિંતા અને ચર્ચા વચ્ચે પતિ બિચારો કમોતે મરી ગયો.

પ્રેમ એટલે શું? એકમેક પ્રત્યે કુણી લાગણી. એકમેક પ્રત્યે આદર, કાળજી, એકમેકની સારસંભાળ. એકમેકની ચિંતા અને એકમેકનું ભલું ઈચ્છવાની સતત-અવિરત ભાવના એટલે જ પ્રેમ.

સ્ટોપર:-

"પ્રેમ પ્રકૃતિનો અનોખો ચમત્કાર છે, પ્રકૃતિનું વૃક્ષ દરેકને આ ફળની ભેટ આપતી નથી." - શ્રી માતાજી

સ્ત્રીની ડિમાન્ડ શું !? સમગ્ર સૃષ્ટિના પુરુષોને મુંઝવતા પ્રશ્નનો હલ મળી ગયો...!!



Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

રાજા વિક્રમ અમાસની રાત્રે જંગલમાં પહોંચ્યો અને ઝાડ પર લટકતાં વેતાળને ઉપાડી ખભે કર્યો. જંગલની રાજયમાં પહોંચતા સુધી રસ્તો કપાય એટલે વેતાળે એક વાર્તા શરૂ કરી.

'ધનંજય નામનો એક શૂરવીર રાજા હતો. એકવાર શિકારની શોધમાં એ બાજુના રાજયની સરહદમાં અજાણતા જતો રહ્યો. બપોરનો સમય હતો અને થાક ખાવા એ લીમડાના ઝાડ નીચે આડો પડ્યો. ત્યાં એ દુશ્મન રાજયના સૈનિકોએ મોકાનો લાભ ઉઠાવી એને પકડી પાડ્યો. અને રાજા સમક્ષ રજૂ કર્યો.'

રાજા ધનંજય વિદ્વાન અને વિવેકી હતો. એણે એને અજાણતા થયેલી ભૂલ માટે બંદીવાન ન બનાવતાં રાજાને શોભે એમ મુક્તતા આપવા તાર્કીક રજૂઆત કરી. અને એમની વાતથી પીગળેલા રાજાએ ધનંજયને જીવનદાન આપવાનો નિર્ણય કર્યો.

પણ એ માટે એક શરત રાખી. એને એક પ્રશ્ન પૂછશે અને એણે એનો સાચો જવાબ આપે તો જીવનદાન અન્યથા મૃત્યુદંડ. આ માટે રાજાને એક વર્ષનો સમય પણ આપવામાં આવી મુક્ત કરવામાં આવશે અને એણે જાતે હાજર થવું પડશે. રાજા ધનંજય નીતિવાન હતો અને એ જગજાહેર હતું. એ વચનમાંથી પાછીપાની કરે એવો નહોતો. એણે પ્રશ્નનો જવાબ આપવાની ખાત્રી આપી.

'તો રાજા સાંભળ તારો પ્રશ્ન' કહીને એ રાજાએ પ્રશ્ન મુક્યો 'સ્ત્રીઓની ડિમાન્ડ શું હોય છે? એને સાચ્ચે જ શું જોઈતું હોય છે?'

હવે આ પ્રશ્નનો જવાબ શોધતાં તો મહાદેવનેય ફાંફાં પડતાં હિમાલય બેસી જવું પડ્યું હોય ત્યાં આ યુવાન રાજાની શું વિસાત? હવે જો ધનંજય આનો જવાબ શોધી કાઢે તો ચમત્કાર જ કહેવાય. જીવ કોને વહાલો ના હોય? એણે એ જવાબ શોધવા પોતાના રાજયમાં પહોંચતા જ ઈમર્જન્સી મીટીંગ બોલાવી.

સાડી, ઘર, દાગીના, બાળક, ફેશન, ફરવું, સ્વતંત્રતા... વગેરે વગેરે કેટલાંય જવાબો આવ્યા પછી એકેય જવાબથી રાજાને બહુ સંતોષ થયો નહીં. એણે એની રાણી અને દરબારના વિદ્વાન મંત્રી સહિત રાજયના ગણમાન્ય વ્યક્તિઓને બોલાવીને આ પ્રશ્ન કર્યો. પણ સાચો જવાબ કોણ કહી શકે? એણે રાજવિદૂષકને બોલાવ્યો પણ ત્યાંથી નિરાશા મળી.

> **ક્યારે રિસાય અને ક્યારેક વળી તે માની જાય,**
> **એનો જગતની કોઈ ડિક્ષનેરીમાં ન મળે કદી પત્તો!**
> **ભેજાના ભજિયા કરીએ કે મગજનો કરીએ મોહનથાળ,**
> **તોય ખબર ના પડે એના નાના મગજનો કારોબાર!**
> **- નિપુણ ચોકસી**

રાજા ધનંજય એક રાત્રે વેશપલ્ટો કરીને ફરવા નીકળ્યો, ક્યાંક કંઈ હલ મળી જાય. ત્યાં તેણે ભાગોળે ઉંમર લાયક સ્ત્રીઓને વાત કરતાં સાંભળી કે, 'જો રાજા જંગલમાં આવેલી જાદુગરણી પાસે જાય તો એના પ્રશ્નનો હલ મળી શકે, એ વિચિત્ર છે, પણ હોંશિયાર છે.' રાજા તો ખુશ થઈ ગયો, ત્યાં એણે બીજી વાત સાંભળી કે, 'એ જાદુગરણી સલાહ આપવાની કંઈ પણ કિંમત માંગે છે અને વસૂલ કરવામાં નિષ્ણાંત પણ છે.' રાજા વિચારતો હતો કે જે માંગે તે જીવ બચાવવા આપી દઈશ.

આ શોધખોળમાં અગિયાર મહિના તો પતી ગયા હતા, એટલે એ બીજે જ દિવસે રાજાશાહી પોષાકમાં જાદુગરણી પાસે પહોંચ્યો. અને એણે એને પ્રશ્ન પૂછ્યો કે, 'સ્ત્રીઓની સાચ્ચી માંગણી શું હોય છે ?' જાદુગરણીએ પ્રશ્ન વ્યવસ્થિત સમજી લીધો અને કહ્યું, 'સાચો જવાબ તો હું તને આપીશ, પણ એના બદલામાં તારે મારી એક ઈચ્છા પુરી કરવી પડશે.' રાજાએ કહ્યું, 'જો જવાબ સાચો હશે તો તારી ઈચ્છા પૂરી થશે,' બોલ શું ઈચ્છા છે ?'

'તારે મારાં લગ્ન તારા મિત્ર જનમેજય સાથે કરાવવા પઢશે.'

જનમેજય એ રાજા ધનંજયનો મિત્ર, એક યોદ્ધા દેખાડવો અને એના શાલીન વ્યક્તિત્વ માટે પ્રખ્યાત હતો. જાદુગરણીની માંગણી સાંભળી રાજા તો ફફડી ગયો. કારણ આ જાદુગરણી એકદમ કુરુપ અને અડિયલ ડોશી હતી. એના મોઢામાં એક જ દાંત હતો અને ચહેરા પર શિતળાનાં ચાંઠા સહ કરચલીઓ પડેલી હતી. એનો અવાજ ઘોઘરો અને મોંમાંથી દુર્ગંધ આવતી હતી.

રાજા ધનંજયે એને સુણાવી દીધું, 'ના એ શક્ય નહીં થાય! એ મારો મિત્ર છે. મારા જીવ માટે એને તારી સાથે પરણાવું? હું જેલની સજા ભોગવીશ - ફાંસીએ લટકીશ પણ મિત્રના ભોગે તો નહીં જ બચું. હું એવા પાપમાં પડવા માંગતો નથી.'

રાજા ધનંજય પાછો મહેલમાં આવ્યો અને ઉદાસ ચહેરો જોતા મિત્ર જનમેજયે તપાસ કરાવી તો કારણ ખબર પડી. એ સીધો રાજા પાસે પહોંચ્યો. 'હું લગ્ન કરવા તૈયાર છું. મિત્ર માટે આટલો ત્યાગ કોઈ મોટી વાત નથી.' રાજાએ એ જાદુગરણીનું વર્ણન કરતાં ખુબ સમજાવ્યો કે શું કામ આ બબાલમાં પડે છે? પણ મિત્ર માન્યો નહીં અને રાજાએ દાંડી પીટાવી, ગામમાં જનમેજય અને જાદુગરણીના લગ્નની જાહેરાત કરી દીધી...

ત્યારે જાદુગરણીએ રાજાનો જીવ બચાવતો જવાબ આપી દીધો, 'સ્ત્રીને પોતાની જિંદગીનો નિર્ણય લેવાનો અધિકાર જોઈતો હોય છે.'

આ જવાબ રાજા સહ બધાંએ સાંભળ્યો અને જાદુગરણીનો એ સત્ય જવાબ બધાંએ માન્ય કર્યો. રાજા ધનંજયે એ જવાબ લખીને પાડોશી રાજાને મોકલાવ્યો, અને એમણે પણ એ જવાબ યોગ્ય લાગતાં રાજાએ મુક્ત કર્યાનો વળતો જવાબ મોકલાવ્યો. આ ખુશીના પ્રસંગને ધૂમધડાકાથી ઉજવવામાં આવ્યો. અને એ સાથે જ મિત્ર જનમેજયના લગ્ન પણ જાદુગરણી સાથે કરવામાં આવ્યા.

લગ્નની પ્રથમ રાત્રીએ જનમેજય એના શયનખંડમાં ગભરાયો ગભરાયો પહોંચ્યો. પણ બેડ પર બેઠેલી સ્ત્રીને જોતા જ એ આશ્ચર્યચકિત થઈ ગયો. ત્યાં જાદુગરણીની જગ્યાએ રૂપવાન સ્ત્રી શણગાર કરીને બેઠી હતી. એ એને જોતાં જ સ્થિર પર થઈ ગયો, ભાનમાં આવતાં એણે એ યુવતીને પૂછ્યું, 'આ કેવી રીતે થયું ?' ત્યારે એ સ્ત્રીએ જવાબ આપ્યો, 'હું જાદુગરણી, વિવિધ રૂપ લઈ શકુ છું, તું મારી સાથે કદરૂપી હોવા છતાં મિત્ર ખાતર લગ્ન કરવા તૈયાર થયો એટલે હું ખુશ થઈ આ રૂપમાં આવી. 'જનમેજય ખુશ થતાં બોલ્યો, 'વાહ, આ તો બહુ સરસ કહેવાય' ત્યારે એણે જવાબ આપ્યો' પણ હું અડદો દિવસ રૂપવાન અને અડધો દિવસ કદરૂપી રહીશ, હવે તું નક્કી કર કે કયા સમયે હું કેવી રહું ?'

અનુસંધાન પાના નં. ૭ પર